# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૫/૧૧/૨૦૧૯

તંત્રીશ્રી, _____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'ઇ–એસેસમેન્ટ સ્કીમ એન્ડ ફેસલેસ સ્ક્રૂટીની' વિશે સેમિનાર યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ્સ અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશનના સંયુકત ઉપક્રમે શુક્રવારે, તા. ૧૫ નવેમ્બર ૨૦૧૯ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'ઇ–એસેસમેન્ટ સ્કીમ એન્ડ ફેસલેસ સ્ક્રૂટીની' વિશે સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી મેહુલ ઠકકર હેતુલક્ષી વકતવ્ય રજૂ કરી મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે સરકારે વર્ષ ૨૦૧૮માં કેન્દ્રીય બજેટ સમયે ટ્રાન્સપરન્સી, ગ્રેટર એફીશિયન્સી અને એકાઉન્ટીબીલીટીના આધારે ટેક્ષ ટેરીઝમને દૂર કરવા ફેસલેસ અને પેપરલેસ ઇ એસેસમેન્ટ સ્કીમની જાહેરાત કરી હતી અને તેને આ વર્ષે લાગુ કરી છે. ઇન્ડસ્ટ્રી ટેક્ષ સંબંધિત જે મુશ્કેલીઓનો સામનો કરી રહી છે તેને દૂર કરવા માટે આ યોગ્ય સમય છે. આથી આજનો સેમિનાર આ સ્કીમને સમજવા માટે ખૂબ જ મહત્વનો બની રહેશે.

નિષ્ણાંત વકતા સીએ મેહુલ ઠકકરે ઇ એસેસમેન્ટ સ્કીમની વ્યાખ્યાઓ, એનો સ્કોપ, ઇ એસેસમેન્ટ સેન્ટર, એસેસમેન્ટ કેવી રીતે કન્ડકટ થાય છે, ફેસલેસ અપીલ કઈ રીતે ચાલે છે, ઇલેકટ્રોનિકલી કોમ્યુનિકેશન્સ, ડોકયુમેન્ટનું ઓથેન્ટીફિકેશન, નોટીસ કે ઓર્ડર કઈ રીતે મળે છે અને વિભાગની પ્રોસિજરલ પાવર વિશે વિસ્તૃતપણે સમજણ આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, બધા કેસોનું સેન્ટર નેક (નેશનલ ઇ એસેસમેન્ટ સેન્ટર) છે. તે એસેસમેન્ટ યુનિટને કેસ સોંપે છે. 'નેક' બધો જ રેકોર્ડ એસેસીગ ઓફિસરને મોકલી આપે છે. આથી જ્યુરીડીકશન એસેસીગ ઓફિસર કોઇ કેસમાં પેનલ્ટી લગાવી શકે છે. પણ રૂલ છ પ્રમાણે 'નેક' પણ પેનલ્ટી કરી શકે છે. તેમણે ઇ એસેસમેન્ટ સ્કીમ સંબંધિત વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા.

સેમિનારમાં ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના કન્વીનર સીએ મિતિષ મોદી, ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ્સના પ્રમુખ એડવોકેટ શ્રી ધ્રુવેન શાહ અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશનના પ્રમુખ એડવોકેટ શ્રી અનિલ કે. શાહે પ્રાસંગિક વિધી કરી હતી. સેમિનારના અંતે ચેમ્બરના ફાયનાન્સ સેલના કન્વીનર શ્રી જનક પચ્ચીગરે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.